# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

જિલ્લા સેવા સદન-૨,એ બ્લોક ત્રીજો માળ,અઠવાલાઈન્સ, સુરત
Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id:suratdeo@gmail.com

જા.ન./RMSA/ exposure visit/૨૦૨૫/ ૧૯૮૧-૮૭

તા:૨૧/૦૨/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

જિલ્લાની સરકારી માધ્ય.અને ઉચ્ચ.માધ્ય.શાળાઓ તમામ.

સુરત, જિલ્લો-સુરત,

વિષય: exposure visit અંતર્ગત શૈક્ષણિક પ્રવાસના આયોજન માટે નોમ્સ મુજબના વિદ્યાર્થીઓની યાદી જિલ્લા કક્ષાએ અત્રેની કચેરી ખાતે મોકલવા બાબત.

સંદર્ભ: (૧) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીની કચેરી પત્રક્રમાંક:સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/૧/૨૦૨૪/ ૩૮૬૦-૩૯૭૨ તા:-૨૩/૦૧/૨૦૨૪.

(૨) સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ, સમગ્ર શિક્ષા ગાંધીનગર પત્રક્રમાંક:સમગ્રશિક્ષા/ક્યુઈસેલ/૧/૨૦૨૫ ૮૦૨૭-૮૦૯૯ તા:-૨૧/૦૨/૨૦૨૫.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સમગ્ર શિક્ષા કચેરી ગાંધીનગર દ્વારા exposure visit અંતર્ગત શૈક્ષણિક પ્રવાસના આયોજન માટે વિદ્યાર્થી દીઠ રૂ.૭૦૦૦/-ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. જે અંતર્ગત આપણા જિલ્લામાં વિદ્યાર્થીઓની પસંદગી સંદર્ભ-૧મુજબ બાળકોની પસંદગી કરવાની છે. તો તે મુજબ દરેક શાળાઓએ ગાઈડલાઈન્સ મુજબ સ્પર્ધક વિદ્યાર્થીના નામ સત્વરે દિન-૫ માં મોકલી આપવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
જિલ્લો- સુરત,

બીડાણ:-સંદર્ભપત્ર

**સવિનય નકલ રવાના:-**

- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા,ગાંધીનગર સેક્ટર 17

**નકલ રવાના જાણ સારું:-**

પ્રતિ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, જિલ્લો-તાપી.

પાયાની સાક્ષરતા અને અંકજ્ઞાન

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર-૧૭,
ગાંધીનગર.
E-mall - gecell@gmail.com

પત્રકમાંક:સમગ્ર શિક્ષા/ક્યુઇસેલ/1/2024/3860 - 3172    તા:23/01/2024

પ્રતિશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રોજેક્ટ કૉ-ઓર્ડીનેટરશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય : Exposure visit અંતર્ગત શૈક્ષણિક પ્રવાસના આયોજન માટે ગ્રાન્ટ ફાળવવા બાબત.**
**સંદર્ભ : અત્રેની કચેરીનો તા:૦૭/૧૨/૨૦૨૩નો કચેરી આદેશ ક્રમાંક : સમગ્ર શિક્ષા/ક્યુઇસેલ/ ગ્રા.ફા./ ૨૩-૨૪/૫૭૭૨૪-૭૯૫.**

**શ્રીમાન,**

શિક્ષા મંત્રાલય, ભારત સરકાર દ્વારા સરકારી શાળાઓમા શૈક્ષણિક ગુણવત્તા સુધારણા તેમજ બાળકોના સર્વાંગી વિકાસ માટે રાષ્ટ્રીય આવિષ્કાર અભિયાન અંતર્ગત Exposure visit કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત શૈક્ષણિક પ્રવાસનાં આયોજન માટે ભારત સરકારના PAB બજેટમાં સમગ્ર શિક્ષા કચેરીને ગ્રાન્ટ આપવામાં આવે છે. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ગુજરાત રાજ્યમાં અને માધ્યમિક શાળાઓનાં વિદ્યાર્થીઓ માટે રાજ્ય બહારના પ્રવાસના આયોજન માટે અત્રેની કચેરીના સંદર્ભ દર્શિત આદેશથી ફાળવવામાં આવેલ ગ્રાન્ટની વિગતો નીચે મુજબ છે.

1. **PAB 2023-24 (પ્રાથમિક વિભાગ)**

| Head | Sub Head | Activity Master | No of Schools/ Students | Unit Cost | Financial (lakh) | Grant limit |
|---|---|---|---|---|---|---|
| Rashtriya Aavishkar Abhiyaan (Elementary) | 124.5 | Excursion Trip for Students within State | 17565 | 500 | 87.825 | Block |

**ગ્રાન્ટ ફાળવણી માટે વિગત:**

- Excursion Trip for Students within Stateની ગ્રાન્ટ તાલુકા કક્ષાએ ફાળવવામાં આવેલ છે. બીઆરસી કૉ-ઓર્ડીનેટરશ્રીએ તાલુકાના બાળકો માટે માર્ગદર્શિકામાં જણાવ્યા અનુસાર રાજ્યમાં પ્રવાસનું આયોજન કરવાનું રહેશે. તાલુકાવાર ફાળવવાની થતી ગ્રાન્ટની વિગત આ સાથે સામેલ છે.

**બાળકોની પસંદગી**

- આ કાર્યક્રમ માટે નક્કી કરવામાં આવેલ તાલુકાવાર બાળકોની સંખ્યા (ક્વોટા)નાં આધારે પ્રવાસ માટે સરકારી શાળામાં અભ્યાસ કરતાં ધોરણ : 6 થી 8 નાં વિદ્યાર્થીઓની પસંદગી કરવાની રહેશે.
- બાળકોની પસંદગી પ્રક્રિયામાં નીચેની સ્પર્ધામાં વિજેતા બાળકો ક્રમ અનુસાર અગ્રતા આપવાની રહેશે.
  1. વિજ્ઞાન , ગણિત અને પર્યાવરણ પ્રદર્શન (જીસીઇઆરટી)
  2. કલા ઉત્સવ (જીસીઇઆરટી)
  3. રાષ્ટ્રીય રમતોત્સવ (નેશનલ ગેઇમ્સ)
  4. ખેલ મહાકુંભ (રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ)
  5. કલા મહાકુંભ (રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ)
  6. બાળ પ્રતિભા શોધ સ્પર્ધા (રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ)
  7. સૂર્ય નમસ્કાર સ્પર્ધા (રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ)

- ઉક્ત સ્પર્ધાઓમાં આંતરારાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે વિજેતા (પ્રથમ, દ્વિતીય, તૃત્તીય) બાળકોને અગ્રતા આપવાની રહેશે
- ત્યારબાદ રાજ્ય સ્તરે વિજેતા (પ્રથમ, દ્વિતીય, તૃત્તીય) બાળકોને અગ્રતા આપવાની રહેશે.
- ત્યારબાદ જિલ્લા સ્તરે વિજેતા (પ્રથમ, દ્વિતીય, તૃત્તીય) બાળકોને અગ્રતા આપવાની રહેશે.
- ત્યારબાદ તાલુકા સ્તરે વિજેતા (પ્રથમ, દ્વિતીય, તૃત્તીય) બાળકોને અગ્રતા આપવાની રહેશે.

- ઉક્ત અગ્રતાક્રમ મુજબ પસંદગી કર્યા બાદ ક્વોટા ખાલી રહે તો જિલ્લા અને તાલુકા સ્તરે યોજાયેલ અન્ય સ્પર્ધાઓનાં વિજેતા વિદ્યાર્થીઓની પસંદગી કરવાની રહેશે.
- બાળકોની સંખ્યા આધારે પ્રવાસમાં નોર્મ્સ મુજબ પુરૂષ અને મહિલા શિક્ષકોને સાથે લઇ જવાના રહેશે.
- પ્રવાસમાં શિક્ષકોની પસંદગી માટે જીસીઇઆરટી દ્વારા યોજાતા ઇનોવેશન ફેરમાં રાજ્ય/ જિલ્લા/તાલુકા સ્તરે વિજેતા શિક્ષકો પૈકી અનુભવ, ક્ષમતા, ઉપલબ્ધતા ધ્યાને લઇ નોર્મ્સ અને જરૂરિતાત અનુસાર પુરૂષ અને મહિલા શિક્ષકોની પસંદગી કરવાની રહેશે.

**આયોજન :**

- આ કાર્યક્રમ અંતર્ગત પસંદ થયેલ વિદ્યાર્થીઓ માટે ગુજરાત રાજ્યમાં પ્રવાસનું આયોજન કરવાનું રહેશે.
- આ કાર્યક્રમ માટેની ગ્રાન્ટ તાલુકા સ્તરે ફાળવવામાં આવેલ છે. આયોજન અને સમગ્ર ખર્ચ પણ તાલુકા કક્ષાએ બીઆરસી કૉ–ઓર્ડીનેટરએ જ કરવાનો રહેશે.
- બાળકો અને શિક્ષકોની પસંદગી, પ્રવાસની મંજૂરી અને અન્ય વહીવટી પ્રક્રિયા તેમજ સમગ્ર આયોજન તાલુકા સ્તરેથી બીઆરસી કૉ–ઓર્ડીનેટર અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ કરાવાનું રહેશે.
- પ્રવાસનાં સુચારૂ અમલીકરણ હેતુથી બીઆરસી કૉ–ઓર્ડીનેટર અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ પણ પ્રવાસમાં જોડાઈ શકશે.
- સમગ્ર શૈક્ષણિક પ્રવાસ સંદર્ભે વહીવટી મંજૂરી મેળવી બાળકોની સલામતી ધ્યાને લઇ આ સાથે સામેલ માર્ગદર્શિકા મુજબ આયોજન કરવાનું રહેશે.

2. PAB 2023–24 (માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક વિભાગ)

| Head | Sub Head | Activity Master | No of Students | Unit Cost | Financial (lakh) |
|---|---|---|---|---|---|
| Rashtriya Aaviskaar Abhiyan (Secondary) | 125.4 | Exposure visit outside State | 500 | 5000 | 25 |

- Exposure visit outside Stateની ગ્રાન્ટ જિલ્લા કક્ષાએ ફાળવવામાં આવેલ છે. જિલ્લા પ્રોજેક્ટ ઓફીસ મારફત જિલ્લાના બાળકો માટે માર્ગદર્શિકામા જણાવ્યા અનુસાર રાજ્ય બહાર પ્રવાસનું આયોજન કરવાનું રહેશે.જિલ્લા ફાળવવા થતી ગ્રાન્ટની વિગત આ સાથે સામેલ છે.

**બાળકોની પસંદગી**

- આ કાર્યક્રમ માટે નક્કી કરવામાં આવેલ જિલ્લાવાર બાળકોની સંખ્યા (ક્વોટા)નાં આધારે પ્રવાસ માટે સરકારી શાળામાં અભ્યાસ કરતાં ધોરણ : 9 થી 10 નાં વિદ્યાર્થીઓની પસંદગી કરવાની રહેશે.
- બાળકોની પસંદગી પ્રક્રિયામાં નીચેની સ્પર્ધામાં વિજેતા બાળકો ક્રમ અનુસાર અગ્રતા આપવાની રહેશે.

1. કલા ઉત્સવ (સમગ્ર શિક્ષા)
2. બેન્ડ કોમ્પીટીશન (સમગ્ર શિક્ષા)
3. વિજ્ઞાન , ગણિત અને પર્યાવરણ પ્રદર્શન (જીસીઇઆરટી)
4. કલા ઉત્સવ (જીસીઇઆરટી)
5. રાષ્ટ્રીય રમતોત્સવ (નેશનલ ગેઇમ્સ)
6. ખેલ મહાકુંભ (રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ)
7. કલા મહાકુંભ (રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ)
8. બાળ પ્રતિભા શોધ સ્પર્ધા (રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ)
9. સૂર્ય નમસ્કાર સ્પર્ધા (રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ)

- ઉક્ત સ્પર્ધાઓમાં આંતરારાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે વિજેતા (પ્રથમ, દ્વિતીય, તૃત્તીય) બાળકોને અગ્રતા આપવાની રહેશે
- ત્યારબાદ રાજ્ય સ્તરે વિજેતા (પ્રથમ, દ્વિતીય, તૃત્તીય) બાળકોને અગ્રતા આપવાની રહેશે.
- ત્યારબાદ જિલ્લા સ્તરે વિજેતા (પ્રથમ, દ્વિતીય, તૃત્તીય) બાળકોને અગ્રતા આપવાની રહેશે.
- ત્યારબાદ તાલુકા સ્તરે વિજેતા (પ્રથમ, દ્વિતીય, તૃત્તીય) બાળકોને અગ્રતા આપવાની રહેશે.

- ઉક્ત અગ્રતાક્રમ મુજબ પસંદગી કર્યા બાદ ક્વોટા ખાલી રહે તો જિલ્લા અને તાલુકા સ્તરે યોજાયેલ અન્ય સ્પર્ધાઓનાં વિજેતા વિદ્યાર્થીઓની પસંદગી કરવાની રહેશે.
- પ્રવાસમાં શિક્ષકોની પસંદગી માટે જીસીઇઆરટી દ્વારા યોજાતા ઇનોવેશન ફેરમાં રાજ્ય/ જિલ્લા/તાલુકા સ્તરે વિજેતા શિક્ષકો પૈકી અનુભવ, ક્ષમતા, ઉપલબ્ધતા ધ્યાને લઇ નોર્મ્સ અને જરૂરિતાત અનુસાર પુરૂષ અને મહિલા શિક્ષકોની પસંદગી કરવાની રહેશે.

**આયોજન :**

- આ કાર્યક્રમ અંતર્ગત પસંદ થયેલ વિદ્યાર્થીઓ માટે રાજ્ય બહારનાં શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવાનું રહેશે.
- વિદ્યાર્થી સંખ્યાને ધ્યાને લઇ અલગ અલગ જિલ્લાનાં વિદ્યાર્થીઓનું 45 થી 60 વિદ્યાર્થીઓનું જૂથ બનાવી એક જિલ્લાને પ્રવાસનું આયોજન સોંપવામાં આવેલ છે. વિગત આ સાથે સામેલ છે.
- પ્રવાસના આયોજન માટે યજમાન બનાવવામાં આવેલ જિલ્લાએ અન્ય જિલ્લાઓ સાથે સંકલન કરી સમગ્ર આયોજન કરવાનું રહેશે.
- યજમાન જિલ્લા અને જૂથના અન્ય જિલ્લાએ એકમેક સાથે સંકલન કરી પોતાના જિલ્લાના પસંદ થયેલ બાળકોને પ્રવાસમાં સહભાગી બનાવવા રહેશે.
- ગ્રાન્ટની રકમ જે તે જિલ્લાને ફાળવવામાં આવેલ છે. સંયુક્ત આયોજન બાદ થયેલ ખર્ચ જે તે જિલ્લાની ગ્રાન્ટમાંથી ચૂકવવાનો રહેશે.
- બાળકોની પસંદગી જે તે જિલ્લાએ ઉપર જણાવેલ પ્રક્રિયા મુજબ કરવાની રહેશે.
- બાળકો અને શિક્ષકોની પસંદગી, પ્રવાસની મંજૂરી અને અન્ય વહીવટી પ્રક્રિયા તેમજ સમગ્ર આયોજન ઓ.આઈ.સી. (કયુઇએમ) અને સેકન્ડરી કૉ–ઓર્ડીનેટરએ કરાવાનું રહેશે.
- પ્રવાસનાં સુચારૂ અમલીકરણ હેતુથી ઓ.આઈ.સી. (કયુઇએમ) અને સેકન્ડરી કૉ–ઓર્ડીનેટરએ પણ પ્રવાસમાં જોડાઈ શકશે.
- સમગ્ર શૈક્ષણિક પ્રવાસ સંદર્ભે વહીવટી મંજૂરી મેળવી બાળકોની સલામતી ધ્યાને લઇ આ સાથે સામેલ માર્ગદર્શિકા મુજબ આયોજન કરવાનું રહેશે.

**આભાર સહ,**

(મહેશ મહેતા)
સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

બિડાણ :

1. ગ્રાન્ટ ફાળવણીનો કચેરી આદેશ
2. તાલુકાવાર અને જિલ્લાવાર ગ્રાન્ટ ફાળવણીની વિગત
3. માર્ગદર્શિકા

**નકલ સવિનય રવાના :**

માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી
માન. એ.એસ.પી.ડી.શ્રી, સદર કચેરી

PAB 2024–25 (માધ્યમિક વિભાગ)

| District | 3.4.1 :Exposure visit outside State (Rs. 7000 Per Student) | | | | |
|---|---|---|---|---|---|
| | No of Students | Amount | આયોજક જિલ્લો | Total Student | Total Amount |
| ANAND | 6 | 0.42000 | NARMADA | 42 | 2.94000 |
| BHARUCH | 10 | 0.70000 | | | |
| NARMADA | 12 | 0.84000 | | | |
| VADODARA | 4 | 0.28000 | | | |
| xVMC | 2 | 0.14000 | | | |
| PANCH MAHALS | 8 | 0.56000 | | | |
| | | | | | |
| DEVBHOOMI DWARKA | 12 | 0.84000 | GIR SOMNATH | 48 | 3.36000 |
| GIR SOMNATH | 10 | 0.70000 | | | |
| JUNAGADH | 20 | 1.40000 | | | |
| PORBANDAR | 6 | 0.42000 | | | |
| | | | | | |
| NAVSARI | 4 | 0.28000 | TAPI | 60 | 4.20000 |
| SURAT | 14 | 0.98000 | | | |
| TAPI | 12 | 0.84000 | | | |
| THE DANGS | 14 | 0.98000 | | | |
| VALSAD | 14 | 0.98000 | | | |
| xSMC | 2 | 0.14000 | | | |
| | | | | 500 | 35.00000 |